
# ચૂંટણી પંચ કોઈપણ રાજકીય પાર્ટીથી ભયભીત નથી

નવીદિલ્હી, તા.૮

વારાણસીમાં ભાજપે આજે જોરદાર શક્તિ પ્રદર્શન કરીને ચૂંટણી પંચ ઉપર આક્ષેપો કર્યા બાદ ચૂંટણી પંચે પણ આ સંદર્ભમાં આજે સાંજે મોડેથી જવાબ આપ્યા હતા અને કહ્યું હતું કે, ચૂંટણી પંચ કોઈપણ રાજકીય પાર્ટીથી ભયભીત નથી. મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપતે વારાણસીમાં રિટર્નિંગ ઓફિસરની બદલીનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, અમે કોઈપણ પક્ષના મામલામાં પક્ષપાત કરી રહ્યા નથી. ચૂંટણી પંચે એવા આક્ષેપોમાં પણ અહેવાલની માંગ કરી છે જેમાં જણાવવામાં આવ્યું હતું કે, રાહુલ ગાંધીએ અમેઠીમાં મતદાન મથકના પોલિંગ વિસ્તારમાં ફરીને કામગીરી નિહાળી હતી. વારાણસીમાં રિટર્નિંગ ઓફિસરની બદલીનો પણ ઈન્કાર કર્યો છે. સંપતે વારાણસીના ડીએમનો પણ બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, પ્રોફેશનલ સલાહના આધાર ઉપર નરેન્દ્ર મોદીની રેલીને મંજુરી આપવામાં આવી ન હતી. ચૂંટણી પંચે કહ્યું હતું કે, આ પ્રકારનું નિવેદન કરવાની તેમને ફરજ પડી છે. ચૂંટણી પંચ દ્વારા કોઈપણ પક્ષપાત વગર કામ કરવામાં



આવી રહ્યું છે. વીએસ સંપતે ચૂંટણી પંચ જેવી બંધારણીય સત્તાનો ઉલ્લેખ કરતી વેળા વધારે પરિપક્વતા દાખાવવા તમામ રાજકીય પક્ષોને અપીલ કરી હતી. ચૂંટણી પંચે પત્રકાર પરિષદ યોજીને આ અંગેનો ખુલાસો કર્યો હતો. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ તમામ જગ્યાએ રાખવામાં આવી છે. સંપતે કહ્યું હતું કે, ચૂંટણી પંચ નિષ્પક્ષ ચૂંટણી માટે કટિબદ્ધ છે. પંચ લોકશાહીના એક સ્તંભ સમાન છે. જેથી તેને કોઈપણ પ્રકારનો ભય નથી. કેટલાક રાજકીય પક્ષો બિનજરૂરી પક્ષપાતનો આક્ષેપ કરી રહ્યા છે પરંતુ આમા કોઈ વાસ્તવિકતા નથી.

# વારાણસીને વર્લ્ડક્લાસ શહેર બનાવવા મોદીનું વચન

વારાણસી, તા.૦૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે વારાણસીમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કર્યો હતો અને વારાણસીના મતદારોને ખાતરી આપી હતી કે, વારાણસીને વિશ્વના નક્શા ઉપર મુકવા માટે તેઓ કટિબદ્ધ છે. કાશી અથવા બનારસ અથવા તો વારાણસીના ગૌરવને પરત આપવા માટે તેઓ કટિબદ્ધ છે. ઉત્તરપ્રદેશની વારાણસી બેઠક પરથી ચૂંટણી મેદાનમાં રહેલા નરેન્દ્ર મોદીએ રોહનિયામાં રેલીને સંબોધતા કહ્યું હતું કે, ખેડૂતોને બરબાદ કરવાનો મા-પુત્રની સરકાર જવાબદાર રહી છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ઉપર આક્ષેપોનો મારો મોદીએ જારી રાખ્યો હતો. મોદીએ દાવો કર્યો હતો કે, તેઓ વારાણસીમાં વર્લ્ડક્લાસ શહેર બનાવવા માટે કટિબદ્ધ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ચૂંટણીમાં મેદાન ગુમાવી ચુકેલા લોકો મોદીને સહન કરવાની સ્થિતિમાં દેખાઈ રહ્યા નથી. તેમણે ઉમેર્યું હતું કે, તેમની પ્રાથમિકતા વારાણસીના ગૌરવને પરત અપાવવાનું છે. ટુરિઝમ દુનિયાના સૌથી ઝડપથી વધતા ઉદ્યોગ પૈકી છે. કાશી ક્ષેત્રને ટુરિઝમના મોટા સેન્ટર બનાવવા માટે તેઓ ઇચ્છુક છે. કાશી અથવા વારાણસીને જોવા માટે દુનિયાથી લોકો આવી શકે છે. વારાણસીને વર્લ્ડક્લાસ બનાવવામાં આવશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, તેઓ વારાણસીમાં વિકાસના એજન્ડાને લઇને આવ્યા છે. ગાળો આપવાની રાજનીતિમાં તેઓ પડવા માંગતા નથી. આક્ષેપ પ્રતિઆક્ષેપમાં પણ પડવા માંગતા



નથી. તેઓ સ્થિતિમાં ફેરફાર કરવા માટે આવ્યા છે.

પશ્ચિમ ભારતના શહેરોની જેમ જ કાશી, પટણા અને રાંચી પણ મજબૂત બને તેઓ તેમનો હેતુ છે. નીચ રાજનીતિને જાતિ સાથે જોડવાના આરોપ ઉપર મોદીએ કહ્યું હતું કે, તેઓ જાતિવાદની રાજનીતિ કરતા નથી. જાતિવાદના મામલે પડવા કરતા તેઓ મરવાનુ પસંદ કરશે. જાતિના આધાર પર રાજનીતિ ક્યારે રમી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, સબકા સાથ સબકા વિકાસના મંત્ર સાથે તેઓ આગળ વધી રહ્યા છે.

મોદીએ ફરી કહ્યું હતું કે તેઓ શાસક તરીકે નહીં પરંતુ સેવક તરીકે આવ્યા છે. મોદીએ ખેડૂતો અને વણકરોનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યં હતું કે, એક વર્ષની અંદર વારાણસીના વણકરોને મોર્ડન બનાવી દેવામાં આવશે. દુનિયાભરના બજારમાં વારાણસીના વણકરોની બોલબાલ વધે તે તેમનો મુખ્ય હેતુ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ખેડૂતોના હિતમાં નવા સમર્થન મૂલ્યની નીતિ બનાવવામાં આવી છે. મોદીએ કહ્યું હતું કે, ગંગાને પણ સાબરમતીની જેમ બનાવવામાં આવશે. જો સાબરમતી નદી સ્વચ્છ બની શકે છે તો ગંગા કેમ નહીં.

**બોલિવુડના સુપરસ્ટારને લઇને નિર્માતા ચિંતિત**

# હિટ એન્ડ રન : સલમાન પર ૫૦૦ કરોડ દાવ પર

મુંબઈ, તા.૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર હિટ એન્ડ ન કેસમાં બોલિવુડના સુપરસ્ટાર સામે સકંજો દિન પ્રતિદિન વધુ મજબુત બની રહ્યો છે ત્યારે ફિલ્મના નિર્માતા અને નિર્દેશકો તેમજ સલમાન જે કંપનીઓની જાહેરાતમાં કામ કરી રહ્યો છે તેમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. સલમાન પર ૫૦૦ કરોડ રૂપિયા દાવ પર લાગેલા છે. જેમાં તેની હોમ પ્રોડક્શનની ફિલ્મો, અન્ય નિર્માતાની ફિલ્મો અને જાહેરાતનો સમાવેશ થાય છે. જો સલમાનને કસ્ટડીમાં લેવામાં આવશો તો તમામને મોટો ફટકો પડી શકે છે. સલમાને તાજેતરમાં જ સાજિદ નડિયાદવાલાની ફિલ્મ કિકનુ શુટિંગ પૂર્ણ કરી લીધુ છે. આ ફિલ્મ ઈદ પર રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. ઉપરાંત તેની કેટલીક મોટા બજેટની ફિલ્મો છે. જેમાં સુરજ બડજાતિયાની પ્રેમ, રતન ધન પાયો, અનીસ બાજમીની નો એન્ટ્રીમે એન્ટ્રી અને કબીર ખાનની ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મનુ નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જાણકાર લોકોનુ કહેવુ છે કે કાયદાકીય પ્રક્રિયા ખુબ લાંબી છે. જેથી પહેલાથી જ ચિંતા કરવાની બાબત યોગ્ય નથી. પરંતુ સલમાનના પરિવારના સભ્યો અને તેના ચાહકોમાં પણ નિરાશા છે. સલમાનની ફિલ્મો પર આશરે ૩૦૦ કરોડ લાગેલા છે. જ્યારે તેની જાહેરાત પર આશરે ૫૦ કરોડ જેટલા છે. ભગવાન ન કરે જો કેસ સલમાનની વિરુદ્ધમાં જશે તો તેને પાંચ-૧૦ વર્ષની જેલની સજા થઇ શકે છે. જેથી આવી સ્થિતીમાં તેની કેરિયરનો અંત આવી શકે છે. હાલમાં સલમાન બોલિવુડમાં નંબર વન અભિનેતા તરીકે છે. તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઇ રહી છે. કેટલાક લોકો એમ પણ માને છે કે સલમાન ખાનને આ કેસમાં રાહત મળી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સંજય દત્ત પહેલા જ જેલમાં છે. તેને મુંબઇ સિરિયલ બૉંબ બ્લાસ્ટ કેસના સંબંધમાં આકરી સજા કરવામાં આવી હતી. જે હાલમાં જેલમાં છે. તેનો કેસ લાંબા સમય સુધી ચાલ્યો હતો. સલમાન હિટ એન્ડ રન કેસમાં આરોપી તરીકે છે. આ કેસમાં ફરી તપાસ હાલમાં ચાલી રહી છે.

# ડિબેટ માટે નરેન્દ્ર મોદીને કેજરીવાલે પડકાર ફેંક્યો

વારાણસી, તા.૦૮

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ચર્ચા માટે પડકાર ફેંક્યો હતો અને કહ્યું હતું કે, જો નરેન્દ્ર મોદીને ગંગાની આરતી કરવાની મંજુરી મળી ગઈ છે તો આરતી કેમ કરતા નથી. કેજરીવાલે ટ્વિટર ઉપર



જણાવ્યું હતું કે, તેઓ મોદીને જાહેર ચર્ચા માટે પડકાર ફેંકે છે. લોકો તેમને સીધા પ્રશ્નો કરી શકે તે માટે તેઓ ચર્ચામાં ઉતરવા માંગે છે. કેજરીવાલે એમ પણ કહ્યું હતું કે, દિવસ અને સમય મોદી દ્વારા નક્કી કરી લેવામાં આવે તેમાં તેમને કોઈ વાંધો નથી. કેજરીવાલે મોદી ઉપર ગંગા આરતી ઉપર રાજકારણ રમવાનો સીધો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતુ કે જો માત્ર આરતી કરવાની છે તો તેમાં ચૂંટણી પંચની મંજુરીની કોઈ જરૂર નથી. ચૂંટણી પ્રચાર માટે મંજુરીની જરૂર હોય છે. ગંગા આરતી માટે તેઓ એકલા ગયા હતા. ભાજપે આ ટિપ્પણીને ગંભીરતાથી લઈને તેનો યોગ્ય જવાબ આપ્યો છે. બીજી બાજુ મોદીએ ગંગા આરતી ન કરવા મામલે ગંગા પાસેથી માફીની માંગ કરી છે.

# *નીચ વિચારધારા ધરાવનાર વડાપ્રધાન ન બની શકે : સોનિયાનો સાફ મત*

કુશીનગર, તા.૮

પ્રિયંકા ગાંધીના નીચ રાજનીતિવાળા નિવેદનથી શરૂ થયેલા ઘમસાણ વચ્ચે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ પણ હવે આમા કુદી પડીને આજે આ મુદ્દો ઉઠાવ્યો હતો. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, નીચ વિચારધારા ધરાવનાર વ્યક્તિ દેશના વડાપ્રધાન બની શકે નહીં. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, જે વ્યક્તિ એક સમુદાય પ્રત્યે નીચ વિચારધારા રાખે છે અને દેશના સમ્માનને નુકસાન પહોંચાડે છે તો તે વ્યક્તિ વડાપ્રધાન બની શકે નહીં. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નીચલા સ્તરની રાજનીતિ રમી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં કુશીનગરમાં ચૂંટણી પ્રચાર કરતા સોનિયા ગાંધીએ મોદી ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, અમારા દેશમાં ઘણા બધા વડાપ્રધાન આવ્યા છે પરંતુ આ લોકોએ ક્યારે પણ હોદ્દાને લઈને ખોટા આક્ષેપો કર્યા નથી. હોદ્દાની મર્યાદા જાળવી રાખી છે. મોદીએ રાજકીય સ્વાર્થ માટે રાજીવ ગાંધીની શહીદીના ૨૩ વર્ષ બાદ તેમના ઉપર ટિપ્પણી કરી છે અને ઓછા સ્તરની રાજનીતિ કહી શકાય છે. સોનિયા ગાંધીએ મોદીને સલાહ આપતા કહ્યું હતું કે, જે વ્યક્તિ પીએમ બનવાનું સ્વપ્ન જુએ છે તે વ્યક્તિએ આ મહાન દેશની સંસ્કૃતિ,



ઉદારતા અને ગૌરવને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના આક્ષેપ દેશની રાજનીતિને શોભા આપતા નથી. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, ભારત એક સામાજિક માળખા સાથેનો દેશ છે. તેનું નેતૃત્વ કરવાની બાબત નાની બાબત નથી. તેનું નેતૃત્વ કરનાર વ્યક્તિમાં ત્યાગ, બલિદાન, ઉદારતા અને ભાઈચારાના લક્ષણો હોવા જોઈએ. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું હતું કે ખુરશી મેળવવા માટે ભાજપના નેતાઓ કંઈપણ કરી શકે છે. દેશભક્તો ઉપર પણ આક્ષેપો કરી શકે છે. ચૂંટણીમાં આગામી પાંચ વર્ષ માટે દેશનું ભાવિ નક્કી થશે. લોકોને વિચારીને મત આપવા સોનિયા ગાંધીએ અપીલ કરી હતી. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે વિશ્વમાં આર્થિક મંદી હોવા છતાં અમારા અર્થતંત્રમાં સતત સુધારો થયો છે. આજે ભારતને વિશ્વના દેશો સમ્માનથી જુએ છે. અર્થવ્યવસ્થા મજબૂત થઈ છે. મનરેગા અને ખાદ્ય સુરક્ષા જેવા મુદ્દાઓ ખુબ મહત્વપૂર્ણ છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, આતંકવાદી મુદ્દે સરકારે કઠોર પગલા લીધા છે. આંતરિક સુરક્ષા મુદ્દે પણ પગલા લેવાયા છે. સૈનિકો માટે વન રેંક વન પેન્શનનો ક્રાંતિકારી નિર્ણય કરાયો છે. ખેડૂતો માટે ઓછા વ્યાજ ઉપર લોનની સ્કીમ શરૂ કરાઈ છે.

# શેરબજારમાં રિકવરી : ૨૦ પોઈન્ટનો ફરીવખત સુધારો

મુંબઈ, તા. ૭

શેરબજારમાં આજે રિકવરી જોવા મળી હતી. બ્લુચીપના શેરમાં લેવાલી વચ્ચે સેંસેક્સમાં ૨૦ પોઈન્ટની રિકવરી જોવા મળી હતી. આઈસીઆઈસીઆઈ બેંક, તાતા મોટર્સ જેવા બ્લુચીપના શેરમાં લેવાલી જામી હતી. દરમિયાન મૂડીરોકાણકારો આગામી સપ્તાહમાં સામાન્ય ચૂંટણીના પરિણામ જાહેર થાય તે પહેલા સાવધાન બનેલા છે. ઈન્ડેક્સમાં આજે ૧૧૯ પોઈન્ટ રિકવરી જોવા મળી હતી. ફેડરલ રિઝર્વના વડા દ્વારા કેટલાક પગલા લેવાઈ રહ્યા છે. સેંસેક્સમાં કારોબારના અંતે ૨૦ પોઈન્ટનો સુધારો થયો હતો જેથી તેની સપાટી ૨૨૩૪૪ રહી હતી. ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, બેંકિંગ કંપની સેવા શેરોમાં અફડાતફડી જોવા મળી હતી. સેંસેક્સમાં ગઈકાલે ત્રણ સપ્તાહની નીચી સપાટી જોવા મળી હતી અને તેમાં ૧૮૪ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. લોકસભાની ચૂંટણીના પરિણામ જાહેર થાય તે પહેલા કેટલાક શેરમાં ઉદાસીનતા જોવા મળી રહી છે. નિફ્ટીમાં આજે કારોબારના અંતે સાત પોઈન્ટનો સુધારો થયો હતો અને તેની સપાટી ૬૬૬૦ રહી હતી. વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. માર્કેટ બ્રીથ નકારાત્મક રહી હતી. સેંસેક્સના ૩૦ શેરની વાત કરવામાં આવે તો આઈસીઆઈસીઆઈ બેંક, એસબીઆઈ, તાતા મોટર્સ અને એક્સિસ બેંક સહિત ૧૮ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૨ શેરમાં મંદી રહી હતી. ભેલમાં ૩.૨૨ ટકાનો સુધારો થયો હતો. તાતા મોટર્સમાં ૧.૩૬ ટકા અને આઈસીઆઈસીઆઈ બેંકમાં ૧.૩૩ ટકાનો સુધારો થયો હતો. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૩૦ ટકાનો સુધારો થયો હતો. જ્યારે બેંક ઈન્ડેક્સમાં ૦.૭૪ ટકાનો સુધારો રહ્યો હતો.



પંડિત રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૩મી જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે તેમના જન્મ સ્થળ જોરાસાંખો ઠાકુર બાડી, કોલકાતા ખાતે રવિન્દ્રભારતી યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓએ પુજય રવિન્દ્રનાથ ટાગોરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# ઉંચા વિકાસ માટે વધુ રોકાણ જરૂરી છે: ચિદમ્બરમનો મત

નવીદિલ્હી,તા. ૮

નાણા પ્રધાન પી. ચિદમ્બરમે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ઉંચા વિકાસદરને ટકાવી રાખવા માટે વધુ મૂડીરોકાણની જરૂર છે. ચિદમ્બરમે કહ્યું હતું કે, પીએસયુ એકલા વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧.૩૩ લાખ કરોડ રૂપિયા ઠાલવી શકે છે. એઆઈસીસીના હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, દેશમાં મૂડીરોકાણમાં ઝડપથી તેજી આવશે. અર્થતંત્ર બિલકુલ સ્થિર છે. મૂડીરોકાણની પ્રક્રિયા શરૂ થઇ ચુકી છે પરંતુ સ્થાનિક મૂડીરોકાણ અને વિદેશી મૂડીરોકાણ બંને પ્રોત્સાહનજનક રહે તે જરૂરી છે. પ્રધાને કહ્યું હતું કે, ૨૩ જાહેર ક્ષેત્રની કંપનીઓના મૂડીખર્ચની યોજનાની ગણતરી થઇ રહી છે. ઓઇલ એન્ડ ગેસ, ઓઇલ ઈન્ડિયા લિમિટેડ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, એનટીપીસીમાં મૂડી ખર્ચની યોજના ૨૦૧૩-૧૪માં ૧.૨૫ લાખ કરોડથી વધીને ૧.૩૩ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. તેમણે કહ્યુંહતુંકે, વર્ષ ૨૦૧૪-૧૫માં બેંકોની મૂડી જરૂરીયાત અગાઉના નાણાંકીય વર્ષમાં ૧૪૦૦૦ કરોડની સામે ૪૫૫૨૮ કરોડ સુધી પહોંચી ગઈ છે. વચગાળાના બજેટમાં સરકારે જાહેર ક્ષેત્રની બેંકોમાં ૧૧૨૦૦ કરોડ રૂપિયા ઠાલવવાની વાત કરી છે. ચિદમ્બરમે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૩-૧૪માં વિદેશી સીધા મૂડીરોકાણનો પ્રવાહ ૨૭ અબજ ડોલરથી વધારે રહી શકે છે. આ પ્રવાહ ૨૦૧૨-૧૩માં ૨૬.૯૫ અબજ ડોલર હતો. એપ્રિલ-ફેબ્રુઆરી દરમિયાન આ આંકડો ૨૬.૯ અબજ ડોલર હતો. નાણામંત્રીએ કહ્યું હતું કે, ખાદ્યાન ચીજવસ્તુઓ દ્વારા નક્કી થતા ફુગાવાનો આંકડો હજુ સંતોષજનક નથી પરંતુ તેને કાબૂમાં લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. ફુગાવાને અંકુશમાં લેવાના હેતુસર ચિદમ્બરમે કહ્યું હતું કે, રિઝર્વ બેંકે વિકાસની જરૂરીયાતને ધ્યાનમાં લેવી જોઈએ. મોનિટરી પોલિસી નક્કી કરતી વેળા આ તમામ બાબતોને રિઝર્વ બેંક ધ્યાનમાં લેશે તેવી તેઓ આશા રાખે છે. જો ભાજપના નેતૃત્વમાં એનડીએ સત્તામાં આવશે તો આરબીઆઈના ગવર્નર બદલાઈ જશે તે અંગે પૂછવામાં આવતા ચિદમ્બરમે કહ્યં હતું કે, રઘુરામ રાજન ભારે વિશ્વસનીયતા ધરાવે છે અને નવી સરકાર આ નિમણૂંકનુંસમ્માન કરશે. બ્રિટિશ ટેલિકોમ મહાકાય કંપની વોડાફોનના ૨૦૦૦૦ કરોડના ટેક્સ વિવાદની પણ તેમણે વાત કરી હતી અને કહ્યું હતું કે, સરકાર આ નોટિસનો જવાબ આપશે.

# તેલંગાણામાં તબીબોની તીવ્ર અછતના ભણકારા

હૈદરાબાદ, તા.૮

નવા રાજ્ય તેલંગાણામાં તબીબોની અછત વધુ ગંભીર બની શકે છે. જો સીમાન્દ્રથી આવતા ૭૦ ટકા તબીબોને આંધ્રપ્રદેશમાં જવા માટે સૂચના આપવામાં આવશે તો આરોગ્યના ક્ષેત્રે ગંભીર સ્થિતિ ઉભી થશે. સીમાંધ્રમાં હાલમાં રહેતા અને હૈદરાબાદમાં સરકારી હોસ્પિટલમાં નોકરી કરી રહેલા તબીબોને રાજ્યના વિભાજન બાદ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. વિભાજનની પ્રક્રિયા હવે ઝડપથી આગળ વધી રહી છે. હૈદરાબાદમાં સરકારી હોસ્પિટલમાં ચાવીરુપ હોદ્દાઓ ભરવા માટે જાહેરનામા જારી કરવામાં આવી ચુક્યા છે. આંકડાની વાત કરવામાં આવે તો આવનાર દિવસોમાં નવી સમસ્યા ઉભી થઈ શકે છે. તાજેતરમાં જ સીમાંધ્રમાં ચૂંટણી પણ થઈ ચુકી છે. આંધ્રપ્રદેશના વિભાજન મારફતે તેલંગાણાની રચના કરવામાં આવી છે. કાર્ડિયાક, નેફ્રોલોજી સહિતના સુપર સ્પેશિયાલિસ્ટ તબીબોની તીવ્ર અછત ઉભી થઈ શકે છે. આવી સ્થિતિમાં પહેલાથી જ ધ્યાન આપવાની જરૂર છે. ગાંધી મેડિકલ કોલેજમાં તબીબો પહેલાથી જ ઓછા છે.

# લાલુ યાદવ ઓક્ટોબર સુધી સરકારી મકાનમાં રહી શકશે

નવી દિલ્હી,તા. ૮

આરજેડીના નેતા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવને કોંગ્રેસની સાથે સંબંધો રાખવા બદલ ખુબ ફાયદો થયો છે. એકબાજુ બિહારના રાજકારણમાં પરત ફરવાની લાલુને તક મળી ગઇ છે. બીજી બાજુ કોંગ્રેસના કારણે લાલુને ઓક્ટોબર ૨૦૧૪ સુધી સરકારી આવાસ અથવા તો સરકારી બંગલામાં રહેવાની મંજૂરી મળી ગઇ છે. યુપીએ દ્વારા લાલુને કાયદાની વિરુદ્ધમાં પણ રાહત આપવામાં આવી રહી છે. મળેલી માહિતી મુજબ લાલુ યાદવ દિલ્હીના પ્લસ તુગલક રોડ ખાતે તેમના સરકારી બંગદલામાં રહી શકશે. કારણ કે સરકારે તેમને મંજૂરી આપી દીધી છે. એક આરટીઆઈની અરજીના જવાબમાં શહેરી વિકાસ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઘાસચારા કૌભાડમાં અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ લાલુ યાદવે લોકસભામાં તેમના સભ્યપદને ગુમાવી દીધા બાદ એવી ચર્ચા હતી કે લાલુને નિયમ પ્રમાણે સરકારી આવાસને ખાલી કરવો પડશે પરંતુ યુપીએ સરકારે તેમના પ્રત્યે હળવુ



વલણ અપનાવ્યું છે. નિયમ પ્રમાણે ભૂતપૂર્વ પ્રધાનોને અને એવા સાંસદોને તેમના સરકારી આવાસ ખાલી કરવા પડે છે જે લોકસભાના સભ્યપદને ગુમાવી દે છે. લાલુ યાદવને પણ જ્યારે આવાસ ખાલી કરવા માટે કહેવામાં આવ્યું ત્યારે લાલુ યાદવે પણ દલીલ કરી હતી કે તેમની તબિયત સારી રહેતી નથી. તેમની સાથે રહેતી તેમની પુત્રીની તબિયત સારી નથી તેવી વાત પણ લાલુ દ્વારા કરવામાં આવી હતી. તેમના બાળકો સંસ્કૃત સ્કુલમાં અભ્યાસ કરે છે. લાલુએ એમ પણ કહ્યું હતું કે તેઓ ડાયાબિટીસના દર્દી છે. કાર્ડિયોની પણ તકલીફ છે. જેથી તેમની એમ્સમાં સારવાર ચાલે છે. જો લાલુ યાદવ એકલા એવા પ્રધાન નથી જે સરકારી આવાસમાં રહે છે. અન્ય કેટલાક લોકો પણ રહે છે. ભૂતપૂર્વ પ્રધાન બુટા સિંહ પણ સરકારી આવાસમાં જ હાલમાં રહે છે. બુટાસિંહ તીન મુર્તિ માર્ગ ખાતે રહે છે.

**બળાત્કારના આરોપસર ધરપકડ કરાઈ**

# હવે આશિકી-૨ના ગાયક અંકિત તિવારીની ધરપકડ

મુંબઈ, તા.૮

સુન રહા હૈ ના તુ ગીતથી ભારે લોકપ્રિયતા મેળવનાર ગાયક અંકિત તિવારીની આજે બળાત્કારના આરોપસર વરસોવા પોલીસ સ્ટેશન દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ ગાયકના ભાઈ અંકુર તિવારીની પણ ધરપકડ કરવામાં આવી છે. જાણકાર લોકોએ કહ્યું છે કે, ભોગ બનનારને



ધમકી આપવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લગ્ન કરવાનું વચન અંકિતે ગર્લફ્રેન્ડને આપ્યું હતું પરંતુ હવે લગ્ન કરવાનો ઈન્કાર કર્યો હતો. ઈવેન્ટ મેનેજમેન્ટ પ્રોફેશનલ અંકિતની ગર્લફ્રેન્ડે આની સામે વાંધો ઉઠાવ્યો હતો. અંકિતની ગર્લફ્રેન્ડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની નથી તે મુંબઈમાં તેની બહેન સાથે રહે છે અને સામાન્ય મિત્રો મારફતે ગાયકને તે મળી હતી. ત્યારબાદ તેઓ એક બીજાને સંપર્કમાં આવ્યા હતા. એમ માનવામાં આવે છે કે, આ ગાયકે તેના ઉપર બળાત્કાર ગુજાર્યો હતો.

# સમાચાર ઝલક

- *બિહારમાં બક્સર કોર્ટમાં ફાયરીંગ થતાં એક કૈદીનું મોત.*
- *ગાયક અંકિત તિવારીની દુષ્કર્મનાં આરોપસર અટકાયત થઇ.*
- *રાજયમાં હીટવેવ યથાવત રહેવાની હવામાન ખાતાની આગાહી.*
- *જામનગરમાં કેદીઓને કોર્ટમાં હાજર કરતી વખતે મસાલા લેવા બાબતે કેદીઓએ પોલીસને મારી નાખવાની ધમકી આપી.*
- *હાઇકોર્ટ કચ્છ કલેકટરને ૩૦૦ એકર જમીન પરથી દબાણ હટાવવાનો આદેશ.*
- *કેશોદમાં ડીવાયએસપીએ નકલી પોલીસ ઇન્સ્પેક્ટરને ઝડપી લીધો.*
- *રાજકોટમાં જેલ અધિક્ષકના પત્ની-પુત્ર ઉપર કેદીના સાગરિકો દ્વારા હીંચકારો હુમલો.*
- *સુપ્રીમ કોર્ટના મુલ્લાપીયર બંધના ચુકાદાથી કેરલ બંધનું એલાન.*
- *એકસાઇઝ સુપ્રીટેન્ડેન્ટ બે લાખની લાંચ લેતાં અમદાવાદમાં ઝડપાયા.*
- *ચાંગોદરમાં પ્લાસ્ટીક ફેકટરીમાં ભીષણ આગ.*
- *ત્રિપુરા રાજયમાં ૨૦૧૦ની શિક્ષકોની તમામ ભરતી રદ્દ કરતું કોર્ટ.*
- *વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ, વિશ્વનાં ૧૬૦૦ શહેરોમાં દિલ્હી સૌથી પ્રદૂષણ વાળું શહેર.*
- *અમેરિકન પ્રમુખ બરાક ઓબામાની પુત્રીઓના કાર કાફલામાં અજાણી કાર ઘુસી ગઇ.*
- *૨૦૧૪ની લોકસભામાં ઐતિહાસિક મતદાન નોંધાવવાની શક્યતા, ૧૯૮૪નો વિક્રમ તૂટશે.*